કેસ રજુ તારીખ : ૩૧/૦૮/૨૦૧૭
કેસ દાખલ તારીખ : ૩૧/૦૮/૨૦૧૭
કેસ ફેસલ તારીખ : ૩૧/૦૭/૨૦૧૮
સમય ગાળો :
વર્ષ માસ દિવસ

---

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૩માં,મુ.અમદાવાદ.**

---

**ક્રીમી.કેસ નં.૫૬૪૯૫/૨૦૧૭**

**આંક– ૧૧**

**ફરીયાદી** :– નામદાર સરકારશ્રી

**વિરૂધ્ધઃ**

**આરોપી** :– વિપુલ રમેશભાઈ ડાભી,
રહેવાસી–૪૨૬, સુખીપુરા, રબારીવાસ, શારદા મંદીર રોડ, પાલડી,
અમદાવાદ.

**ગુન્હોઃ**– ઈ.પી.કો.કલમ–૩૨૩,૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૧) મુજબ

---

**ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી વ્યાસ**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી જે.એ.જૈન**

---

–: **ચુ કા દો** :–

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૯/૦૭/૧૭ ના કલાક ૧૯–૦૦ વાગ્યા દરમ્યાન વસુંધરા બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ ખાતે આ કામના ફરિયાદીશ્રી તથા ફરિયાદીશ્રીના પત્ની બેલાબેન મિલનભાઈ

ફકીરચંન્દ્ર શાહ નાઓ સાથે હાજર હતા તે દરમ્યાન આરોપી બી.આર.ટી.એસ. માં ટીકીટ સ્ટાફ તરીકે નોકરી કરે છે. તેની પાસેથી કૃષ્ણનગરની ટીકીટ લીધેલ અને બાદ બસ કેટલી વારમાં આવશે તે બાબત સાથે વાતચીત કરતાં અને બાદ બસ નહી આવતાં ફરિયાદશ્રીએ ટીકીટ કેન્સલ કરી પોતાની રકમ પરત આપવા જણાવતા આ કામના આરોપીએ કોઈ પૈસા પરત નહી મળે તેમ કહી માર મારવાની ધમકી આપી ફરિયાદીશ્રીને ધકકો મારી તેમજ ગાલ ઉપર તમાચો મારી દીધેલ અને ધકકો વાગવાથી ફરિયાદીશ્રી કેબીન સાથે અથડાઈ ગયેલ તેમજ ફરિયાદીશ્રીને કપાળના ભાગે ઈજા પહોંચાડી ગંદી બિભત્સ ગાળો આપી ફરિયાદીશ્રીનું શર્ટ ફાડી નાખી નુકશાન કરી ગુન્હો કર્યાની ફરીયાદ ફરીયાદીએ ગુજરાત યુનિર્વસીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત. ક. અમલદારે ફર્સ્ટ ગુ. ર. નં.૭૮/૨૦૧૭ થી ફરીયાદ નોંધી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ–૩૨૩,૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૧) મુજબ ના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલત માં કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આ કામે આરોપી વિરુધ્ધ આંક–ર થી તહોમતનામું ફરમાવી આરોપીની આંક–૩ની પ્લી નોંધતા આરોપીએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહું કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | મૌખિક તથા દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | સમાધાન પુરસીસ | ૫ |
| ૨ | ફરીયાદી મીલનભાઈ ફકીરચંદ શાહની જુબાની | ૬ |
| ૩ | ફરીયાદ | ૭ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૮ |
| ૫ | સી.આર.પી.સી.ક. ૧૫૭ નો રીપોર્ટ | ૯ |
| ૬ | કલોઝીંગ પુરસીસ | ૧૦ |

(૪) ફરીયાદપક્ષે ઉપર મુજબનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કર્યા બાદ આરોપી વિરૂધ્ધનો પુરાવો જોતા તેઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી. ત્યારબાદ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી તથા આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–:મુદ્દા:–**

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ નો ઈ.પી.કો.કલમ–૩૨૩,૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણાયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

(૭) આ કામે ફરિયાદપક્ષે ફરીયાદી મીલનભાઈ ફકીરચંદ શાહ નાઓને આંક–૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં તેઓ એ જણાવેલ છે કે, બનાવ આજથી આશરે એકાદ વર્ષની આસપાસ બનેલો. બનાવ સમયે તેઓ તથા તેમના પત્ની બી.આર.ટી.એસ.માં જવા માટે ટીકીટ લીધેલ ત્યાર બાદ ટીકીટ સ્ટાફ સાથે તેઓને બોલાચાલી થયેલ જે અંગેની ફરિયાદ તેઓએ ગુજરાત યુનિર્વસિટી પોલીસ સ્ટેશનમાં આપેલ. તેઓને તેમની ફરીયાદ બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક–૭ થી રજુ છે. આમ ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓ ને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. કરવામાં આવતા તેઓ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા નથી. ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓને આ કામે આરોપી સાથે ધરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. આમ ફરીયાદીને આરોપીઓ સાથે સમાધાન થઈ જતા ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય ત્યારે તેમને ન માનવા માટે કોઈ જ કારણ નથી તે હકીકતમાં તેઓ જ જયારે કલોજીગ પુરસીસ આપી વધુ સાક્ષી તપાસવા માંગતા ન હોય તેવું જણાવતા હોય ત્યારે વધુ કોઈ સાક્ષી તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકે તેમ નથી. આમ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયા હોય તે મુજબ મુદ્દા નંબર ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નંબર ૨ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૨૩,૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૧) મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીઓના અગાઉના જામીન તથા જાતમુચરકા રદ કરવામા આવે છે.

(૩) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭A મુજબ અપીલ સમય સુધીના સધ્ધર જામીન આપવાના રહેશે.

હુકમ આજરોજ તા. ૩૧, માહે જુલાઈ સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૧/૦૭/૨૦૧૮
અમદાવાદ.

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર.૧૩,અમદાવાદ.
CODE NO. GJ01023